# સત્સંગ સમાચાર

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર દશેરાપૂજન

સંતભગવંત સાહેબની પ્રેરણાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં દશેરા પૂજનનો વિધિ વર્તમાન સમયમાં ચાલી રહેલી પરિસ્થિતિ અનુસાર કરવામાં આવ્યો. દશેરાના શુભ દિને પારમિતા મંદિરે નિત્ય થતી મંગલ મહાપૂજામાં સંતોએ શ્રી ઠાકોરજીના શરણે ગદ્ગદ ભાવે પ્રાર્થના ધરી. અભાવ, અવગુણ અને પંચવિષયના ભાવથી પર થઈ ગુણ, માહાત્મ્ય અને પ્રભુના ભાવમાં સૌ કોઈ જીવતા થાય તે માટેની યાચના કરી. ભગવાનની સેવામાં સદાય પ્રવૃત્ત રહેવા માટે જે બળ પૂરાં પાડે છે, મદદરૂપ થાય છે, નિમિત્ત બની ઉપયોગમાં આવે છે તેવાં સૌ જડ અને ચેતન સંબંધી અને સંસાધનોની સર્વાંગી સ્વસ્થતા માટે પ્રાર્થના કરાઈ. વળી, સર્વત્ર દિવ્યતા પ્રસરે તેવા ભાવથી સમસ્ત પરિસરમાં પધરાવવા માટેની પુષ્પ પાંદડીઓ મહાપૂજામાં પ્રભુને ધરવામાં આવી. મહાપૂજા બાદ સંતોએ બ્રહ્મજ્યોતિ પરિસરમાં અને સર્વ સંસાધનો પર પુષ્પવર્ષા કરી દશેરા પૂજનવિધિ સંપન્ન કરી. માહાત્મ્યથી મહાપૂજા કરાવનાર સૌ આચાર્યોને, ડિજિટલ સ્વરૂપે આ દિવ્ય મહાપૂજામાં જોડાનાર સૌ ભક્તોને અને અનુપમ મિશનના પ્રત્યેક સંતો, અક્ષરમુક્તોને દશેરાના શુભ દિને સંતભગવંત સાહેબજીએ અંતર શત્રુ સામે વિજય મેળવવા માટેની અદ્ભુત સમજ આપી આશીર્વાદ વરસાવ્યા.

## શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્ય પૂર્ણિમા : શરદ પૂર્ણિમા

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યની દિવ્ય પૂર્ણિમાએ ડિજિટલ માધ્યમથી ભક્તિસુમન અર્પણ કરવામાં આવ્યાં. સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સુંદર કીર્તન-ભક્તિ અને માહાત્મ્યદર્શનની સભાનું આયોજન ૩૧ ઑક્ટોબરના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરીથી કરવામાં આવ્યું, જેનાં જીવંત પ્રસારણને દેશ-પરદેશના સૌ કોઈ સંતો અને અક્ષરમુક્તોએ માણ્યું.

આ પ્રસંગે સંતો અને યુવાનો દ્વારા અદ્ભુત કીર્તન-ભક્તિ અર્પણ કરવામાં આવી. ગુણાતીતાનંદ સ્વામીજીના માહાત્મ્યને વર્ણવતાં તેમજ તેઓની સ્મૃતિ જીવંત કરતાં અદ્ભુત કીર્તનોનાં ગાન સંતો અને યુવાનો દ્વારા થયાં. કીર્તન-ભક્તિ બાદ સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. દાસના દાસ થવાની સ્થિતિને ગુણાતીત સ્થિતિ ગણાવી ભગવાનના સંબંધી સૌ કોઈને મન, કર્મ અને વચનથી સેવા કરવારૂપી ભક્તિ અદા કરવાની સમજણ તેઓએ આ પ્રસંગે આપી. વળી, સંતોનાં અક્ષરધામગમન નિમિત્તરૂપ ભગવાનની લીલાનો સ્વીકાર કરી, જપયજ્ઞ અને પ્રાર્થના દ્વારા બળ પૂરું પાડનાર સર્વે અક્ષરમુકતોનો આભાર પણ વ્યક્ત કર્યો. ત્યારબાદ સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાએ પાંચ પાંચ જન્મોથી જેમની સંનિધિ પ્રાપ્ત થઈ તેવા શ્રીજીને ધારક ગુણાતીત સ્વરૂપના સાંનિધ્યમાં જીવવા મળ્યું તે અહોભાગ્ય જણાવી સંતભગવંત સાહેબજી રૂપે પ્રાપ્ત ભગવાનના પ્રગટ સ્વરૂપમાં ઓગળી જઈને જીવતર ધન્ય કરવાના રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

સંતભગવંત સાહેબજીએ આશિષ અર્પણ કરી દેશ-પરદેશમાં વસતા સૌ સંતો, અક્ષરમુક્તોને યાદ કરી શરદપૂર્ણિમાના મહામંગલકારી પર્વે સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. ભગવાનને રહેવાનું ધામ ગુણાતીત







અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યની દિવ્ય પૂર્ણિમાએ પૂજન, પુષ્પાર્પણ, કીર્તન આરાધના તથા આરતી અર્પણ

છે અને સૌને ગુણાતીત કરવા છે, એ જે શ્રીજીમહારાજનો સંકલ્પ છે તે સંકલ્પ સાકાર કરવા માટે મહિમા, નિર્દોષભાવ અને ઉપાસના દૃઢ કરી ભક્તિમાર્ગે આગળ વધવા માટે સાહેબજીએ પ્રેરણા આપી. 'સંતની આજ્ઞા પ્રમાણે જીવન, સંતમાં પ્રીતિ, ભગવદીમાં સુહૃદભાવ અને શુદ્ધ ઉપાસના; આ જો જીવનું જીવન બને તો ગુણાતીત સ્થિતિ પમાય.' ગુણાતીતાનંદ સ્વામીની આ વાતને યાદ કરી સૌને આધ્યાત્મિક પ્રગતિ સાધવા બળ પૂરું પાડ્યું. ભગવાનની સેવા ભગવાનના ભાવથી થાય અને હસતાં-રમતાં ભગવાનમાં લીન થઈ જવાય તે પ્રાર્થના સાથે સાહેબદાદાએ અપરંપાર કૃપાશિષ વરસાવી. ◆

## સંતોનાં અક્ષરધામગમન નિમિત્તે પ્રાર્થનાસભા

અનુપમ મિશનના સંતો સાધુ પૂ. ગોપાલદાસજી, પૂ. ઘનશ્યામદાસજી, પૂ. દામજીદાસજીનાં અક્ષરધામગમન નિમિત્તે દેશ અને પરદેશના સૌ સંતો, અક્ષરમુક્તોએ ૨૨ ઑક્ટોબરના રોજ ડિજિટલ માધ્યમથી એકત્ર થઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. આ પ્રસંગે આ સંતોની સેવા-ભક્તિને યાદ કરી. ભગવાનની ભક્તિમાં જોડી રાખીને ભગવાનના થઈને જીવન જીવવાનો માર્ગ દર્શાવનારા વહાલા સંતો પ્રત્યે લાગણી અને હૃદયભાવ સહજ વ્યક્ત થયાં. આણંદના આર. એન. પટેલ, સુરતના કાનજીબાપા, મુંબઈના જગતભાઈ કિલ્લાવાલા દ્વારા સંતો સાથેનાં સંસ્મરણોને યાદ કરી, તેઓની સાધુતાનાં અદ્ભુત દર્શન કરાવાયાં. અનુપમ મિશનના સંતો પૂ. રાજુદાસજી, પૂ. દિવ્યેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. દિલીપદાસજીએ પણ અદ્ભુત માહાત્મ્યદર્શન કરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સંતભગવત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા અને સૌ સંતોની સેવા-સમર્પણ ભક્તિને સંભારી. ભગવાનના ઓલિયા સાધુ તરીકે પૂ. ગોપાલદાસજીને યાદ કરી, તેઓની અકલ્પનીય ભક્તિ અને પ્રભુમાં સૌને જોડવાની શક્તિને બિરદાવી. આવા અદ્ભુત સંતોનાં અક્ષરધામગમન નિમિત્તે સૌએ પ્રભુચરણે અનંત પ્રાર્થનાઓ ધરી. ૨૩ ઑક્ટોબરના રોજ સાધુ પૂ. ભરતદાસજી અને સાધુ પૂ. રણછોડદાસજીએ ત્રયોદશીની મહાપૂજા કરી, સંતો ને ભક્તોએ પ્રાર્થનાંજલિ અર્પણ કરી.

ગુણાતીત સ્વરૂપોના આશીર્વાદ રૂપ પ્રાસાદિક ભૂમિ સરદારગઢમાં પ્રગટ થઈ સંતભગવત સાહેબજીના આશરે સંન્યસ્ત જીવન જીવી સાધુતા દીપાવનારા અનુપમ સંત પૂ. ગોવિંદદાસજીના અક્ષરધામગમન નિમિત્તે ૧ નવેમ્બરના રોજ પ્રાર્થનાસભામાં ડિજિટલ માધ્યમથી સૌ સંતો અને અક્ષરમુક્તો દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યાં.

વડીલ સાધુ પૂ. ગોવિંદદાસજીએ સાચી કર્મયોગી સાધના કરી. સૌની સાથે વિનમ્ર રહી સૌને હૂંફ અને બળ આપી પ્રભુમાં જોડવાની સેવા અનન્ય જવાબદારી સાથે નિભાવી. વિશેષ તો ઉત્તર ગુજરાતના પ્રાદેશિક સંત તરીકે પૂ. ગોવિંદદાસજીએ સમસ્ત પ્રદેશના ભક્તોનાં આધ્યાત્મિક ઉત્થાન અર્થે અકલ્પનીય સેવાઓ કરી. સાધુ પૂ. ગોવિંદદાસજી પ્રતિના હૃદયભાવ અમદાવાદથી ચુનીભાઈ, સાઠંબાથી પ્રજ્ઞેશભાઈ, દહેગામથી ધર્મેન્દ્રભાઈ, મોગરીથી દિવ્યેશભાઈ ચપલા આદિએ વ્યક્ત કર્યા.

અનુપમ મિશનના સંતો - માણાવદરથી સાધુ પૂ. દિનેશદાસજી તેમજ બ્રહ્મજ્યોતિ-મોગરીથી સાધુ પૂ. અશોકદાસજી અને સાધુ પૂ. દિલીપદાસજીએ પૂ. ગોવિંદદાસજીના અનુપમ મહિમાના ગુણો કહી શ્રદ્ધાંજલિ પાઠવી. અંતે સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પૂ. ગોવિંદદાસજીના જીવન પરથી ભગવાનની ભક્તિ કરવાના બોધને સમજાવી, સૌને ગુરુવચને, પ્રભુપ્રસન્નતાર્થે, જાગ્રતતા સાથે અખંડ ભક્તિ કરવા માટેનું માર્ગદર્શન પ્રદાન કર્યું. ◆







અનુપમ મિશનના અક્ષરનિવાસી સંતોની પારમિતા સભાખંડમાં યોજિત ત્રયોદશી મહાપૂજામાં હૃદયવંદના

## સદ્‌ગુરુ સંત ત્રિપુટીને પ્રાગટ્યપર્વે વંદના !

અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. ડૉક્ટરદાદા, અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાના પ્રાગટ્યદિનની ૫, ૬ અને ૭ નવેમ્બરના રોજ ડિજિટલ સભામાં ઉજવણી કરવામાં આવી. ત્રણેય સદ્‌ગુરુ સંતોએ પોતાના જીવન-વર્તનથી જે ઉપદેશ આપ્યા છે તેની સહજ સ્મૃતિ કરવામાં આવી. આ સંતોએ સાચા માવતર બની ભગવાનના યોગમાં રહેવા માટે ભક્તોને પ્રેમ, હૂંફ અને બળ આપી અલૌકિક જતન કર્યું છે તેને અંતરથી વ્યક્ત કરવામાં આવ્યું. માણાવદરથી સાધુ પૂ. દિનેશદાસજીએ પૂ. ડૉક્ટરદાદાના, ધારીથી સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદાએ પૂ. પૂનમદાદાના અલૌકિક મહિમાનું દર્શન કરાવ્યું. વેમારના સમીરભાઈ, અમેરિકાના કાંતિભાઈ તથા સાધુ પૂ. રમેશદાસજી દ્વારા પૂ. હર્ષદદાદાના જીવનમાહાત્મ્યનાં અદ્‌ભુત વર્ણન થયાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી ત્રણેય સદ્‌ગુરુ સંતોનાં અનુપમ સમર્પણ, અદ્વિતીય દાસત્વભાવ અને અકલ્પનીય ગુરુભક્તિનાં દર્શન કરાવી સૌને કૃતાર્થ કર્યા. ◆

## બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જીવન-માહાત્મ્ય પારાયણ

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના દિવ્ય પ્રવર્તક ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં જીવન-માહાત્મ્યનું અલૌકિક દર્શન સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પારાયણ દ્વારા કરાવવામાં આવ્યું. ૨થી ૧૧ નવેમ્બર ૨૦૨૦ દરમિયાન બ્રહ્મજ્યોતિ-મોગરીથી સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને ઉપાસના ધામ અમદાવાદથી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં અલૌકિક ચરિત્રોનાં માહાત્મ્યપૂર્ણ ગાન કરી તેઓની ગુણાતીતસ્થિતિનાં દર્શન કરાવ્યાં, તેઓના દિવ્ય સ્વરૂપ અને બ્રાહ્મીશક્તિના અનુભવ કરાવ્યા. ઇંગ્લૅન્ડથી અક્ષરમુક્ત સતીશભાઈ ચતવાણીએ પણ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના જીવનપ્રસંગો વર્ણવી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના દિવ્ય સિદ્ધાંતોની સમજણ આપી.

૧૭થી ૨૦ નવેમ્બર દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા અલૌકિક પારાયણ સ્વરૂપે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં જીવન અને કાર્યને વર્ણવવામાં આવ્યાં. આ પારાયણનો દિવ્યલાભ દેશ-પરદેશના અક્ષરમુક્તોએ ડિજિટલ માધ્યમથી લીધો અને ધન્યતા અનુભવી. ◆

## શ્રદ્ધાંજલિ

*** પૂ. વિષ્ણુમામા (યુ.એસ.એ.) :**



ગૃહસ્થ છતાં સાધુચરિત પૂ. વિષ્ણુમામા સેવા અને ભક્તિનાં અદ્‌ભુત આદર્શ ! પૂ. દિનશા-પૂ. ધર્મેન્દ્રભાઈના યોગથી સત્સંગમાં આવ્યા. લોસ ઍન્જલસના મુક્તોની સભા થાય તે માટે જ એક મોટા હૉલવાળું મકાન લીધું. ત્યાં પૉકોનો મંદિરની પ્રાસાદિક મૂર્તિઓ પૂ. અશ્વિનભાઈ-પૂ. શાંતિભાઈના વરદ્ હસ્તે પધરાવી ઘરને મંદિર બનાવી દીધું અને વિષ્ણુમામા-સ્મિતામામી બંનેએ શ્રી ઠાકોરજીની સર્વ પ્રકારની સેવાઓ કરી પ્રભુપ્રસન્નતાનાં પાત્રો બની રહ્યાં. મંદિરે દર્શને આવતા-સભામાં આવતા મુક્તોની પણ પ્રભુના ભાવથી સેવા કરી, સંતો તો ત્યાં જ ઊતરતા. તેવા સેવાભાવી, સાધુહૃદય, નિષ્ઠાવાન અક્ષરમુક્ત પૂ. વિષ્ણુમામા ૨ નવેમ્બર ૨૦૨૦ના રોજ અક્ષરધામ પધાર્યા. પ્રભુ તેઓના આત્માને પરમ શાંતિ અર્પે અને પૂ. સ્મિતામામી અને પરિવારના સૌ મુક્તો ઉપર આવી પડેલ આ ઘડીને સહન કરવાનું ખૂબ બળ આપે તેવી પ્રાર્થના ! ◆







બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જીવન-માહાત્મ્યને પારાયણ સ્વરૂપે પ્રસ્તુત કરતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી... પારાણયનું શ્રવણ કરતા સંતો, અક્ષરમુક્તો